આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩ના
રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

સત્સંગ શિક્ષણ પરીક્ષા

**પૂર્વ કસોટી : સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧**

જાન્યુઆરી, ૨૦૦૩ સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**વિભાગ - ૧ (શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)

૧. ભગવાનમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ.

૨. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત.

૩. પરબ્રહ્મ પુરુષોત્તમની ઇચ્છા વિના સૂકું પાંદડું પણ હલતું નથી.

૪. પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા.

**પ્ર.૨. પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫ ગુણ)

ઉદાહરણ : 'ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.'
જવાબ : નિરાકાર સમજવાથી ખોટ.

૧. દિવ્ય ચૈતન્ય અક્ષર જેનું ઘર છે જો,
ક્ષર અક્ષર થકી એ તો પર છે જો....

૨. સ્વામિનારાયણ નામ સર્વોપરી છે. જેમાં તીર્થમાત્ર આવી જાય છે.

૩. અક્ષર સર્વના દ્રષ્ટા છે. સર્વના સાક્ષી છે.

૪. બ્રહ્મને જાણે તે બ્રહ્મરૂપ થાય છે.

૫. જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમજ મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે.

**પ્ર.૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નિર્વિઘ્ન ભક્તિ માટે

(અ) નિજાત્માનં બ્રહ્મરૂપમ...... એ આજ્ઞા પળે તો કારણ દેહનો નાશ થાય છે.

(બ) અક્ષરરૂપ થઈને જે શ્રી પુરુષોત્તમનારાયણની સેવા કરવી તે જ મુક્તિ છે.

(ક) ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં.

(ડ) આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન-કર્મ-વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.

૨. અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય

(અ) અક્ષર તે આવો છે ને આવું એ અક્ષર સંબંધી સુખ છે.

(બ) છો તો એક ને દિસો છો દોય, તેનો મર્મ જાણે જન કોય.

(ક) સર્વ અક્ષર બ્રહ્મ સંજ્ઞાને પામેલા અનંત કોટિ મુક્તો તે થકી ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે.

(ડ) બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમનારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે.

**પ્ર.૪. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો.** (૪ ગુણ)

૧. ભાઈ આત્માનંદ સ્વામીને થયેલ સર્વોપરી નિષ્ઠા.

૨. સ્વરૂપાનંદ સ્વામીને પ્રત્યક્ષ મૂર્તિ દ્વારા શાંતિ.

૩. એ તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે ને ધનવંતર વૈદ્ય છે.

૪. મહામુક્તથી અધિક સામર્થી અક્ષરબ્રહ્મની છે.

**પ્રશ્ન.૫. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો.** (૮ ગુણ)

૧. ઉત્પત્તિ સર્ગ

૨. શ્રીજીમહારાજ સર્વોપરી - 'સ્વામીની વાતો'ના આધારે.

૩. શ્રીજીમહારાજને પોતાને સાકારપણામાં દૃઢ પ્રતીતિ.

૪. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સમાનતા.

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં )** (૮ ગુણ)

૧. ભગવાનને કાળ, કર્મ, માયા અને સ્વભાવ જેવા ન જાણવા.

૨. ભગવાનની મૂર્તિના અપાર સુખ માટે ઉપાસના એ શ્રેષ્ઠ સાધના છે.

૩. ભગવાનમાં મનુષ્યભાવ રહે તો કલ્યાણ ન થાય.

૪. શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.'

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેના વાક્યની પૂર્તિ કરો.** (૮ ગુણ)

(ઉપાસનામાં શું સમજવું.)

૧. શ્રીજીમહારાજ સદાય .............................. નિર્ગુણ કરી મૂકે છે.

૨. અન્ય અવતારો .............................. સ્પષ્ટ ભેદ છે.

૩. મુક્તિ અવસ્થામાં જીવાત્મા .............................. સર્વોપરીપણું તો રહે જ છે.

૪. સગુણપણું અને નિર્ગુણપણું .............................. અતિશય સૂક્ષ્મ છે.

૫. અક્ષરબ્રહ્મના સાધર્મ્યને .............................. અંતે પણ રહે છે.

(ઉપાસનામાં શું ન સમજવું.)

૧. આજ્ઞા પાળ્યા .............................. શકે છે, તેમ ન સમજવું.

૨. ભગવાન પૃથ્વી પર .............................. હોતા નથી તેમ ન સમજવું.

૩. વચનામૃતાદિ સત્શાસ્ત્રોનું .............................. શકાય છે તેમ ન સમજવું.

**પ્રશ્ન.૮.** પરમ ભાગવત સંત દીક્ષા આપવા તથા પ્રતિમાની પ્રતિષ્ઠા કરવા સર્વથા યોગ્ય છે. **(૫ ગુણ)**

વિભાગ : ૨ **(સત્સંગ વાચનમાળા ભાગ-૩) (યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે.** (૬ ગુણ)

૧. ''કણબીના છોકરા ને કૂકડાં ભૂખે ન મરે.'' **(સ.વા. ૩)**

૨. ''આપની આજ્ઞા ન પાળી તેથી તમો વિમુખ કરશો તો હું થઈશ.'' **(સ.વા. ૩)**

૩. ''આપને કેવી રીતે ખબર પડી ?'' **(યુગવિભૂતિ)**

૪. ''સ્વામીશ્રીના જીવને જોખમમાં મૂકી રહ્યા છો.'' **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો લખો.** (૬ ગુણ)

૧. વડોદરામાં સત્સંગનો ઘણો સારો વિકાસ થયો. **(સ.વા. ૩) અથવા**

૧. પર્વતભાઈ જે મનોરથ ધારે તે સત્ય થતા હતા. **(સ.વા. ૩)**

૨. રઢુના રતનસિંહનો ચામડીનો રોગ ગણતરીના દિવસોમાં જ મટી ગયો. **(યુગવિભૂતિ) અથવા**

૨. ગણેશનો હરખ આસમાનને આંબતો હતો. **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૧. નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. મુક્તાનંદ સ્વામી સંતોની મા સમાન. **(સ.વા. ૩) અથવા**

શિવલાલ શેઠની સંયમી દૃષ્ટિ **(સ.વા. ૩)**

૨. બીજાના ઉત્કર્ષમાં જ આપણો ઉત્કર્ષ છે. **(યુગવિભૂતિ) અથવા** ૨. દલુભાઈ મદારીને ત્યાં સ્વામીશ્રી. **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં આપો.** (૬ ગુણ)

૧. શિવલાલ શેઠને શ્રીજીમહારાજે સ્વપ્નમાં શું આજ્ઞા કરી હતી ? **(સ.વા. ૩)**

૨. કુશળકુંવરબાના પતિ તેમજ પુત્રનું નામ શું હતું ? **(સ.વા. ૩)**

૩. વૈષ્ણવોએ રઘુવીરજી મહારાજને શી વિનંતી કરી ? **(સ.વા. ૩)**

૪. તાજજુબ થયેલો મંગળ શું યાદ કરવા લાગ્યો ? **(યુગવિભૂતિ)**

૫. પ્રમુખસ્વામીએ દાતણની ચીરી કયા ગામે કયા પ્રસંગે ઉપાડી હતી ? **(યુગવિભૂતિ)**

૬. આપ કંઈ ભવિષ્ય ભાખો છો ? ભવિષ્ય કેવું છે ? **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નિષ્કુળાનંદ સ્વામીની સાહિત્ય રચના (સ.વા. ૩)

(અ) ભક્તિનિધિ (બ) નિર્ણય પંચક (ક) સ્નેહ ગીતા (ડ) ભાગવત દશમ ભાષા ટીકા

૨. આચાર્ય રઘુવીરજી મહારાજ (સ.વા. ૩)

(અ) માંદા સંતોને જમાડ્યા.

(બ) તેમના હાથમાંથી પેંડો પડી ગયો.

(ક) તેમની ઈચ્છાથી ઘણો વરસાદ થતાં ગોમતી તળાવ ભરાઈ ગયું.

(ડ) ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન કર્યો, 'અક્ષર કોણ ?'

૩. પ્રમુખસ્વામીજીનો સમર્પણભાવ (યુગવિભૂતિ)

(અ) સ્વામીશ્રી હળવા ફૂલ રહે છે.

(બ) સેવકે ધરેલ પાણી સ્વામીશ્રી પી ગયા.

(ક) ઠાકોરજીની મર્યાદા જાળવવી જોઈએ.

(ડ) તું પાણી લાવ અને હું સાવરણો ફેરવું.

**વિભાગ : ૩ (નિબંધ)**

**પ્ર.૧૪. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** (૨૦ ગુણ)

૧. ભાવિ પેઢીના ઘડવૈયા : પ્રમુખસ્વામી મહારાજ

૨. હિંદુ સંસ્કૃતિનું પોષક અને સંવર્ધક - અક્ષરધામ.

૩. વચનામૃત : અદ્વિતીય ધર્મશાસ્ત્ર.

* * *

---

# : અગત્યની નોંધ :

**'સત્સંગ પ્રવીણ' પરીક્ષાના અભ્યાસક્રમમાં અગત્યનો સુધારો**

'સત્સંગ પ્રવીણ' પ્રશ્નપત્ર-૧ના વિભાગ-૨માંથી 'પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ' - લેખકઃ મુકુલભાઈ કલાર્થી પુસ્તકને ફેબ્રુઆરી ૨૦૦૩ તથા જુલાઈ ૨૦૦૩ માટે તથા ત્યારબાદના વર્ષોમાં લેવાનાર પરીક્ષામાંથી રદ કરવામાં આવેલ છે. તેના બદલે નીચે દર્શાવેલ પુસ્તકનો અભ્યાસક્રમમાં સમાવેશ કરેલ છે.

**પુસ્તકનું નામ : 'યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ'**
**લેખકઃ સાધુ અક્ષરવત્સલદાસ**
**પ્રકાશકઃ સ્વામિનારાયણ અક્ષરપીઠ**
**તૃતીય આવૃત્તિઃ જુલાઈ ૨૦૦૦**

**નોંધઃ-** પરીક્ષાર્થીઓની સંખ્યા મુજબ આ પુસ્તક 'સ્વામિનારાયણ અક્ષરપીઠ', અમદાવાદથી ઓર્ડર આપી મંગાવી લેવા વિનંતી.

**સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય**

આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૦૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

જાન્યુઆરી, ૨૦૦૩ સમય : બપોરે ૨:૦૦ થી ૫:૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ (કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કોઈપણ બે)** **(૬ ગુણ)**

૧. ''આપના સાનિધ્યમાં રિદ્ધિ-સિદ્ધિ હાજર હોય ને!''

૨. ''તમે કોણ છો ? ક્યાંથી આવો છો ને ક્યાં જવું છે ?''

૩. ''અમારો ઢોલિયો તણાય છે.''

૪. ''મહારાજ જેમ આજ્ઞા કરશે તેમ કરીશું.''

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપી સમજાવો. (બારેક લીટીમાં)** **(૬ ગુણ)**

૧. વચનામૃત સિવાય બીજામાં માલ મનાય તે મોહ છે.

૨. શ્રીજીમહારાજ ગઢડાના જીવાખાચરને ધામમાં તેડી ગયા.

૩. સોમલા ખાચરે ખોખરામાં બાવાઓને મારી નાખ્યા.

૪. ભગવાનને રાજી કરવાનો સરળ ઉપાય આજ્ઞા છે.

**પ્રશ્ન.૩. નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **(૮ ગુણ)**

૧. સ્વયંપ્રકાશાનંદ **અથવા** તીર્થો સાથે સંકળાયેલો ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ

૨. ઉપાસ્ય સ્વરૂપ પુરુષોત્તમનારાયણનો મહિમા **અથવા** ગૃહસ્થાશ્રમીના વિશેષ ધર્મ

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(૬ ગુણ)**

૧. બગડેલો ઓટો જોઈ ઉકા ખાચરે શું કર્યું ?

૨. સંપ્રદાયની પુષ્ટિ કેવી રીતે થાય છે ?

૩. ધ્યાન ચિંતામણિના રચયિતા કોણ છે ?

૪. ફઈબા મહારાજને કેવા સમજતા હતા ?

૫. કૃતદ્યુતિ રાણીની ગેરહાજરીમાં બીજી રાણીઓએ શું કર્યું ?

૬. શાસ્ત્રીજી મહારાજ મગનભાઈ માટે શું કહેતા ?

**પ્રશ્ન.૫. નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** **(૫ ગુણ)**

રાજાને પાણી ન પાયું .............

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૫૪મું

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**ટૂંકનોંધઃ- રાજાભાઈ**

**૧.** પ્રગટ ભગવાન તમારે ત્યાં પધાર્યા છે. **૨.** હું ત્યાગી થવા ગઢડે જાઉં છું. હવે મારી આશા ન રાખે. **૩.** તમો અને તમારી સ્ત્રી બંને ધન્ય થયાં છો. **૪.** આપણી મરજી તેને સાચવવી ન હોય તો આપણે સંસારમાં રહેવુ નકામું છે. **૫.** આપણા મનની વૃત્તિઓ તેમના વિષે ખેંચાય છે. **૬.** આજીવન શ્રીજીમહારાજની આજ્ઞા, ધર્મ, નિયમ દૃઢપણે પાળી મહારાજની પ્રસન્નતા મેળવી.**૭.** બ્રહ્માદિક દેવતાઓ મહારાજને નમસ્કાર કરી અંતર્ધાન થઈ ગયા. **૮.** મેં પણ એમ ધારીને જ ના કહી દીધી. **૯.** તમારે અમે કહીએ તેમ કરવું છે કે સાધુ થવું છે ? **૧૦.** તમારું એ વ્રત આજથી પૂરું થયું.

**પ્રશ્ન.૭. (અ) નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** (૪ ગુણ)

૧. જયસિ ત્વં ભજત ................................ દૃષ્ટિ પામી.

૨. સ્વામિનારાયણ નામને ................................ તત્કાળ જાશે.

૩. વ્હાલા તારા જમણે ................................ શશીકળા ક્ષીણ છે રે લોલ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** (૪ ગુણ)

૧. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.

*सदोन्निद्राय नमः* .............................. *स्वस्वरूपाचलस्थितये नमः* ॥

૨. *धर्मस्थितैरुपणतैबृहता* .............................. *शरणं प्रपद्ये* ॥

૩. દૃષ્ટાઃ સ્પૃષ્ટાનતા .............................. સતા દુર્લભં સ્યાન્મુમુક્ષોઃ ॥

## વિભાગ - ૨ (ગુણાતીતાનંદ સ્વામી)

**પ્રશ્ન.૮. નીચેના કોઈપણ વિધાનો કોણ, કોને ને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''મેં તને નહોતું કહ્યું કે તને અક્ષરધામ બતાવીશ.''

૨. ''તમારી ગાડીને જોડેલા બળદ ઉપર અમારે ધૂંસરી મુકાય નહીં.''

૩. ''આ ભગવાનના આપેલ કુંવર છે, તેથી તેનું નામ અમે ભગવત્‌સિંહજી પાડ્યું છે.''

૪. ''તમે મારી બહુ સેવા કરી.''

**પ્રશ્ન.૯. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (દસેક લીટીમાં)** (૬ ગુણ)

૧. વસ્તો વારંવાર જૂનાગઢ ભાગી આવતો.

૨. નિયમમાં રહેશો તો આ લોકના કાંટા વાગશે નહિ.

૩. શુકમુનિ બોલ્યા કે મ.૯ નું વચનામૃત યથાર્થ આજે જ સમજાયું.

૪. પિતાંબરદાસનું પરિવર્તન થયું.

**પ્રશ્ન.૧૦ નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ભક્ત વત્સલ
૨. એકાત્મતા
૩. અનાદિના સેવક
૪. શ્રીજીમહારાજે સમજાવેલો સદ્‌ગુરુનો મહિમા

**પ્રશ્ન.૧૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૫ ગુણ)

૧. મુક્તાનંદ સ્વામીએ કુરજી દવેને શું ભેટ આપી હતી ?

૨. સ્વામીની વાણી કયા ગુણોને પોષણ આપતી ?

૩. બાઉદીન સ્વામીની દૃષ્ટિથી કેવા બની ગયા ?

૪. બ્રહ્મભાવને કોણ પામ્યું હતું ?

૫. માવજીભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને શું જમાડ્યું ?

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** (૪ ગુણ)

૧. સ્વામીના સત્સંગી
૨. આજ્ઞાધારક
૩. સેવાવૃત્તિ
૪. તુલસી દવેને સમાધિ

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામીએ કરેલા જીવન પરિવર્તન.

(અ) સીદી વરુ

(બ) રામસંગ બાપુ

(ક) મુંજો સૂરુ

(ડ) વાલેરો વરુ

૨. ગુણાતીતાનંદ સ્વામીના વચને થયેલી અક્ષરની નિષ્ઠા.

(અ) સ્વામી વાસુદેવચરણદાસ

(બ) ઘનશ્યામદાસ

(ક) વાઘા ખાચર

(ડ) ભાઈ આત્માનંદ સ્વામી

૩. ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી ટળેલા દોષો.

(અ) બ્રહ્મચારી ધર્મસ્વરૂપાનંદ

(બ) પીતાંબરદાસ

(ક) કેશવપ્રસાદજી મહારાજ

(ડ) કૃપાનંદ સ્વામી

**વિભાગ - ૩ (''સત્સંગ પરિચય'' પરીક્ષાનાં પુસ્તકોના આધારે - છેલ્લી આવૃત્તિ)**

**પ્રશ્ન.૧૪. નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો. (કોઈપણ ત્રણ)** **(૨૧ ગુણ)**

૧. ભાઈઓનું મિલન (સહજાનંદ ચરિત્ર) **અથવા** સમદર્શી (સહજાનંદ ચરિત્ર)

૨. દ્વારિકાની ગોમતી વરતાલમાં (સહજાનંદ ચરિત્ર) **અથવા** આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ (સ.વા. ભા.૨)

૩. મુકુંદાનંદ વર્ણી (સ.વા. ભા.૨) **અથવા** પ્રેમાનંદ સ્વામી (સ.વા. ભા. ૨)

૪. લક્ષ્મીચંદ શેઠ (કિ.સ.પ.) **અથવા** વિષ્ણુદાસ (કિ.સ.પ.)

૫. પરમચૈતન્યાનંદ સ્વામી (કિ.સ.પ) **અથવા** ગુરુ વચને ચૂરેચૂરા (પ્રાગજી ભક્ત)

૬. ભગતજીના સંતોને ઉપાધિ (પ્રાગજી ભક્ત) **અથવા** ભગતજીનું આકર્ષણ (પ્રાગજી ભક્ત)

* * *